## (1) પેંગોલીન (Pangolin) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) વર્લ્ડ વાઈલ્ડલાઈફ ક્રાઈમ રિપોર્ટ મુજબ, વિશ્વમાં સસ્તન પ્રાણીઓમાં પેંગોલીનની સૌથી વધુ ગેરકાયદેસર હેરફેર થાય છે.

(2) તેમનો ઉપયોગ પારંપરિક ચાઈનીઝ દવાઓમાં મોટાં પ્રમાણમાં થાય છે.

(3) તેમનું બાહ્ય કવચ, જે ભીંગડાં (Scales)નું બનેલું હોય છે. તેમાં કેરાટીન (Keratin) નામનું તત્ત્વ મળી આવે છે.

(4) તેમનો મુખ્ય ખોરાક કિડી તથા ઊધઈ છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ વર્લ્ડ વાઈલ્ફલાઈફ ક્રાઈમ રિપોર્ટ મુજબ, વિશ્વમાં સસ્તન પ્રાણીઓના વર્ગમાં પેંગોલીનની સૌથી વધુ ગેરકાયદેસર હેરફેર થાય છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેઓના માંસ તથા ભીંગડાનો ઉપયોગ ચિકિત્સક કારણોસર થાય છે. પારંપરિક ચાઈનીઝ દવાઓમાં તેમનો ઉપયોગ મોટાં પ્રમાણમાં થાય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ વિશ્વમાં પેંગોલીનની 8 પ્રજાતિઓ છે.

⇛ પેંગોલીન એ નિશાચર પ્રાણી છે તથા તેના મુખ્ય ખોરાકમાં કિડી, ઊધઈ તથા અન્ય જીવજંતુનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ તેમની બાહ્ય ચામડી ભીંગડાની બનેલી હોય છે જે એક કવચ તરીકે કાર્ય કરે છે. આ કવચ માટેનું કારણ તેમાં રહેલું કેરાટીન તત્ત્વ છે. આવા લક્ષણ ધરાવતું તે વિશ્વનું એકમાત્ર સસ્તન પ્રાણી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) કોન્ફરન્સ ઓન ડિફેન્સ મેન્યુફેક્ચરીંગ ટેક્નોલોજી એન્ડ એરોસ્પેસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પરિષદનું આયોજન સંરક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવેલું છે.

(2) પરિષદ દ્વારા મેક ઈન ઈન્ડિયા તથા આત્મનિર્ભર ભારત અભિયાનને પ્રોત્સાહન મળશે.

(3) આ પરિષદની થીમ 'મેકીંગ ડિફેન્સ ઈક્વિપમેન્ટ્સ લોકલી ટુ મેક ઈન્ડિયા સેલ્ફ–સફિસિયન્ટ' હતી.

(4) આ પરિષદ દ્વારા ભારતના ઘરેલું સંરક્ષણ ઉત્પાદનનાં 26 બિલિયન ડોલરના લક્ષ્યને પૂરું કરવામાં મદદ મળશે.

(A) માત્ર (1) અને (3)
(B) માત્ર (2) અને (4)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ 15 જુલાઈ, 2020ના રોજ 'કોન્ફરન્સ ઓન ડિફેન્સ મેન્યુફેક્ચરીંગ ટેક્નોલોજી એન્ડ એરોસ્પેસ'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.

⇛ આ પરિષદનું આયોજન આત્મનિર્ભર ભારત અભિયાન તથા મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવેલું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ પરિષદની થીમ 'એમ્પાવરીંગ ઈન્ડિયા વીથ આત્મનિર્ભર ભારત મિશન' રાખવામાં આવેલી છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ પરિષદનું આયોજન 3 સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલું છે :

- તમિલનાડુ ટેક્નોલોજી ડેવલપમેન્ટ પ્રમોશન સેન્ટર
- CII (Confederation of Indian Industry)
- સોસાયટી ઓફ ઈન્ડિયન ડિફેન્સ મેન્યુફેક્ચરર્સ

(આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ભારતે વર્ષ 2025માં 26 બિલિયન ડોલરના મૂલ્યનું ઘરેલું સંરક્ષણ ઉત્પાદનનું લક્ષ્ય રાખેલું છે. આ પરિષદ દ્વારા આ લક્ષ્યને પૂરું કરવામાં મદદ મળશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) સ્ટેટ ઓફ ફુડ સિક્યુરિટી એન્ડ ન્યુટ્રિશન રિપોર્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રિપોર્ટ સંયુક્ત રાષ્ટ્રોનો છે.

(2) આ રિપોર્ટ ગ્લોબલ હંગર પ્રોગ્રામ નામની સંસ્થા દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે.

(3) રિપોર્ટ મુજબ, વર્ષ 2019માં વિશ્વની 8.9% વસતી ભૂખ્યા (Hungry) રહી હતી.

(4) વિશ્વમાં સંખ્યાની દષ્ટિએ કુપોષણ ધરાવતાં સૌથી વધુ લોકો એશિયામાં રહે છે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ સંયુક્ત રાષ્ટ્રો દ્વારા તેનો સ્ટેટ ઓફ ફુડ સિક્યુરિટી એન્ડ ન્યુટ્રિશન રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ રિપોર્ટ નીચેની સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો છે :

- FAO (ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન)
- WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન)
- IFAD (ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ)
- WFP (વર્લ્ડ ફુડ પ્રોગ્રામ)
- UNICEF (યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ)

(આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ રિપોર્ટ મુજબ વર્ષ 2019માં વિશ્વની 8.9% વસતી (69 કરોડ લોકો) ભૂખ્યા રહયા હતા. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ આંકડો વર્ષ 2020 માટે વધી શકે તેમ છે.

⇒ વિશ્વમાં ટકાવારીની દષ્ટિએ આફ્રિકામાં સૌથી વધુ કુપોષણ છે. જ્યારે સંખ્યાની દષ્ટિએ કુપોષણ ધરાવતાં સૌથી વધુ લોકો એશિયામાં રહે. છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(4) નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ (MET) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક બિન–નફાકારી સંસ્થા છે જેની સ્થાપના કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી છે.

(2) આ ટ્રસ્ટની સ્થાપના માઈન્સ એન્ડ મિનરલ્સ અમેન્ડમેન્ટ એક્ટ, 2015 મુજબ કરવામાં આવી છે.

(3) આ ટ્રસ્ટ ખનીજ તત્ત્વોની ક્ષેત્રીય સ્તરે તથા ઊંડાણપૂર્વક શોધખોળ કરે છે.

(4) માઈનીંગ લીઝ ધારકે METમાં ફાળો આપવો પડે છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ એ એક ટ્રસ્ટ છે, જેની સ્થાપના કેન્દ્ર સરકાર દ્વારા બિન–નફાકારી સંસ્થા તરીકે કરવામાં આવેલી છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેને મળેલા ફંડ દ્વારા તે ખનીજ તત્ત્વોની ક્ષેત્રીય સ્તરે તથા ઊંડાણપૂર્વકની શોધખોળ કરવાનું કાર્ય કરે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ માઈન્સ એન્ડ મિનરલ્સ અમેન્ડમેન્ટ એક્ટ, 2015 દ્વારા આ ટ્રસ્ટની સ્થાપના માટેની જોગવાઈ કરવામાં આવેલી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ માઈનીંગ લીઝ ધારકે રોયાલ્ટીના 2% રકમ METમાં આપવી પડે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ MET એ ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનની સમાન હોય છે પરંતુ અહીં ફાળો આપવાનો દર જુદો છે તથા MET કેન્દ્ર સરકાર હેઠળ આવે છે જ્યારે ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન રાજ્ય સરકાર હેઠળ આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) મરીન (Marine) હીટવેવ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ પ્રકારની હીટવેવ માત્ર ઉનાળામાં જ જોવા મળે છે.
(2) એલ–નીનોના કારણે મરીન હીટવેવ ઉદ્દભવી શકે છે.
(3) તે ઉચ્ચા અક્ષાંશવાળા વિસ્તારોમાં પણ સર્જાય શકે છે.
(4) દરિયાઈ પ્રવાહો (Ocean Currents) આ પ્રકારની હીટવેવ માટેનું સૌથી વધુ સામાન્ય ચાલક છે.

(A) માત્ર (1) અને (4) (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (3) (D) આપેલ તમામ

⇒ **જવાબ :- B**

**સમજૂતી :**

⇒ દરિયામાં પણ હીટવેવની પરિસ્થિતિ જોવા મળી શકે છે. આ પ્રકારની હીટવેવને મરીન હીટવેવ કહે છે.

⇒ જ્યારે દરિયાઈ તાપમાન વિસ્તૃત સમય માટે ખૂબ જ ઉષ્ણ હોય છે ત્યારે હીટવેવ જોવા મળી શકે છે.

⇒ મરીન હીટવેવ ઉનાળા અથવા શિયાળા એમ કોઈપણ ઋતુમાં જોવા મળી શકે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇒ દરિયાઈ પ્રવાહો હીટવેવ માટેના સૌથી વધુ સામાન્ય ચાલકો છે. તેના કારણે ઉષ્ણ પાણીના વિસ્તારોનું સર્જન થાય છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ એલ–નીનોના કારણે પણ મરીન હીટવેવ ઉદ્દભવી શકે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ આ પ્રકારની હીટવેવ વિષુવવૃત્તીય વિસ્તારો તથા ઉચ્ચા અક્ષાંશવાળા વિસ્તારો એમ બન્નેમાં જોવા મળી શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT